MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829(Online)
International Peer Reviewed and Referred E-Journal
ISSN: 2583-9829, Volume: 02, Issue: 04, December 2024

# સ્વાતંત્ર્ય લડતમાં પ્રેરણા સ્રોત : મેઘાણીનો "સિંધુડો"

કંચનબેન મનુભાઈ મકવાણા
પીએચ.ડી.સંશોધક, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ,મહાદેવ દેસાઈ સમાજસેવા સંકુલ,
ગૂજરાત વિદ્યાપીઠ,અમદાવાદ
માર્ગદર્શક : ડૉ.કનૈયાલાલ નાયક
સહ માર્ગદર્શક : ડૉ.મુંજાલ ભીમડાદકર

**સારાંશ**

ગુજરાતના લોકસાહિત્યકાર, કવિ એવા ઝવેરચંદ મેઘાણીની કલમે લખાયેલ સ્વાતંત્ર્ય ગીતોનો સંગ્રહ 'સિંધુડો' પર પસંદગી ઉતારી છે. આમ, પણ ઝવેરચંદ મેઘાણી કવિ અને સાહિત્યકાર હોવા ઉપરાંત સ્વાતંત્ર્ય સેનાની પણ હતા. તેમની કલમે લખાયેલ સંગ્રામ ગીતોએ યુવાનોમાં નવું જોમ અને જુસ્સો પૂર્યા હતા.

પ્રસ્તુત સંશોધન પેપરમાં મેઘાણી રચિત છુટા છવાયા લોકજીભે ચડી ગયેલા સ્વાતંત્ર્ય ગીતો સમૂહ બનીને કેવા લોકપ્રિય બન્યા તેની વાત કરવામાં આવી છે. 'સિંધુડા'નો અર્થ થાય છે. 'શરણાઈના સૂર' શરણાઈના સૂર જેમ શૌર્ય પ્રેરક હોય છે તેમ મેઘાણીના સિંધુડાના શૌર્યગીતો યુદ્ધ ઘોષણા સમાન હતા. આથી જ લોકપ્રિય બનેલા સંગ્રામ ગીતોનો સંગ્રહ સિંધુડાનો જન્મ થયો, અને તેને આઝાદીની લડતમાં તરખાટ મચાવ્યો. અને એટલે સુધી કે અંગ્રેજાને આંખમાં ખૂંચવા લાગ્યો. આથી, અંગ્રેજ સરકારે સિંધુડો પ્રતિબંધિત કર્યો અને આમ છતાં પૂરા બે વર્ષ બાદ સિંધુડાનું પુનઃપ્રકાશન કરવામાં આવે છે અને તે પણ હાથથી લખીને આબેહૂબ પ્રતિકૃતિ સ્વરૂપે, છતાં પ્રકાશન સ્થળ મળતું નથી. આવી રીતે સિંધુડો રણક્ષેત્રે પુનર્જન્મ પામી અંગ્રેજ સરકારની નીતિઓ અને અત્યાચારો સામે પડકાર ફેંકે છે.

આ સંશોધન પેપરમાં સિંધુડાનો જન્મ, તેનું પ્રકાશન, લડતમાં ભૂમિકા, સિંધુડા પર પ્રતિબંધ અને પુનઃ પ્રકાશનની ઘટનાઓ રજૂ કરાઈ છે. આમ તો સિંધુડાની આ ગાથા બહુ ઓછી ચર્ચિત છે. છતાં તેણે લડતમાં આપેલ ફાળો અને તેણે મચાવેલ તરખાટને મર્યાદિત શબ્દોમાં વિશેષ રજૂ કરવાના પ્રયાસ થયો છે. જેણે સ્વાતંત્ર્ય લડતમાં ઇતિહાસ સર્જી દીધો હતો.

**ચાવીરૂપ શબ્દ: મેઘાણીનો "સિંધુડો**

- **પ્રસ્તાવના**

ભારતના ઇતિહાસમાં વીસમી સદીના ચાર-પાંચ દાયકા સ્વાતંત્ર્ય સંગ્રામનો સમયગાળો છે. આ સમયગાળા દરમિયાન બ્રિટિશ સામ્રાજ્યનો અંત લાવવા અને સ્વાધીનતા મેળવવા માટે જાણે સમગ્ર દેશમાં દેશ-દાઝની જ્વાળા પ્રગટી હતી. આજ અરસામાં ભારતમાં  ગાંધીજીના આગમન સાથે સત્ય અને અહિંસના સિદ્ધાંતો પર અનોખી લડત શરૂ થઈ. જેમાં અનેક નામી -અનામી સ્વાતંત્ર્ય વિરોએ સક્રિય ભાગ લઈ સ્વાતંત્રય લડતને સફળ બનાવી આ લડતોમાં મુખ્ય નેતાઓ ઉપરાંત કેટલાક પાયાના કાર્યકરો જેઓ પ્રકાશમાં આવ્યા નથી અને પડદા પાછળ રહીને મા-ભોમને આઝાદી અપાવવા અમૂલ્ય ફાળો આપ્યો છે. આવા જ એક પાયાના કાર્યકર અને સ્વાતંત્ર્ય સેનાની ઝવેરચંદ મેઘાણીને કેમ ભૂલાય ? ભારતનાં સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝવેરચંદ મેઘાણીનું પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વિશેષ પ્રદાન રહેલું છે.

સામાન્ય રીતે તો ઝવેરચંદ મેઘાણીનું નામ એક ઉત્તમ કવિ, લોકસાહિત્યકાર તરીકે ઝળહળતું છે. સાથે તેઓ ધ્યેયનિષ્ઠ પત્રકાર તરીકે પણ અજાણ્ય નથી. આ ઉપરાંત તેમનું બીજું આગવું પાસું પણ છે. એક સ્વાતંત્ર્ય સેનાની તરીકેનું ભારતમાં જ્યારે ગાંધીજીના નેતૃત્વ નીચે સત્ય અને અહિંસાના માર્ગે સત્યાગ્રહનો સૂરજ બરાબર તપેલો હતો ત્યારે ઝવેરચંદ મેઘાણી પોતાની કલમના જોરે લકોમાં નવો ઉત્સાહ અને જોમ ઉમેરવાનું કામ કરતા હતા. મેઘાણીના સ્વાતંત્ર્ય ગીતોએ યુવાનોમાં નવી ચેતના જગાડી હતી.

- **‘સિંધુડો’**

ગાંધીજીના નેતૃત્વ નીચે અહિંસક માર્ગે લડતોએ જાર પકડ્યું હતું. આવા સમયે ગુજરાત અને સૌરાષ્ટ્રની પ્રજામાં મેઘાણીનાં શૌર્યગીતો ખૂબ ઉત્સાહથી ગવાતા હતા. સૌરાષ્ટ્ર સાપ્તાહિકનાં તંત્રીશ્રી અમૃતલાલ શેઠ મેઘાણીની કલમનું કૌવત પારખી ગયા હતા. આથી મેઘાણીના સ્વાધીનતાના ગીતોએ પ્રજામાં કેળવેલ જાગૃતિને વધારે પ્રજ્વલિત કરવાના હેતુથી અમૃતલાલ શેઠે મેઘાણીના કેટલાક છુટા-છવાયા શૌર્યગીતોને સંગ્રહિત કરી એક નાનકડો સંગ્રહ સૌરાષ્ટ્ર સાહિત્ય મંદિર, રાણપુર દ્વારા પ્રકાશિત કરવાની યોજના ઘડી. એ યોજનાને પ્રજા સમક્ષ મુકવાના ઉદ્દેશ્યથી સૌરાષ્ટ્રના ૨૨ માર્ચ, ૧૯૩૦ના  અંકમાં ‘સ્વાધીનતાના ગીતો’ એ મથાળા નીચે તેમણે જાહેરાત કરી. આ જાહેરાત પછી અમૃતલાલ શેઠને સંગ્રહનું આ નામ કદાચ ફિક્કુ લાગ્યું હશે. આ પછી સૌરાષ્ટ્રનાં ૫ એપ્રિલ ૧૯૩૦ના અંકમાં જે જાહેરાત છપાઈ તેમાં લખ્યું હતું ‘સિંધુડો’ શ્રીઝવેરચંદ મેઘાણીનાં રચેલા પંદર સંગ્રામ ગીતોનો સંગ્રહ, સત્યાગ્રહ સપ્તાના આરંભના દિવસે-રવિવારે પ્રગટ થશે.[૧]

'સિંધુડો' એટલે શરણાઈ સંગીતનો સૂર શરણાઈનો સૂર જેમ શૌર્યપ્રેરક હોય છે. તેમ મેઘાણીના સિંધુડાના સ્વાતંત્ર્ય ગીતો યુદ્ધ ઘોષણા અને શૌર્યના ઉદ્‌બોધન સમાન હતા.[૨] જે સ્વાતંત્ર્ય સૈનિકોમાં શૌર્યરસ જાગૃત કરવા ગવાતા ગીતોને પણ 'સિંધુડો' જ કહેવાય. આમ, આ સંગ્રહનું નામ સિંધુડો રાખવામાં આવ્યું.

- **સિંધુડાનું પ્રકાશન**

'સિંધુડા'નો સૌપ્રથમ આવૃત્તિ શ્રી સૌરાષ્ટ્ર મુદ્રણાલય, ગીબન રોડ, રાણપુર દ્વારા ૧૯૩૦ના એપ્રિલની છઠ્ઠી તારીખે પ્રકાશિત કરી હતી. આ આવૃત્તિના પૃષ્ઠ પર પુસ્તકનાં રાષ્ટ્રીય ઉદ્દેશ્યને વ્યક્ત કરતાં લખવામાં આવ્યું હતું કે,

'ભારતવર્ષના વર્તમાન સ્વાતંત્ર્ય-સંગ્રામનાં તમામ સૈનિકોને સમર્પણ' 'સિંધુડો'ના કુલ પંદર શૌર્ય પ્રેરીત સ્વાધીનતાના ગીતો હતા. જેમાં સાત સ્વતંત્ર ગીતો હતા. સ્વતંત્ર એટલે એવા જે સ્વયંસ્ફૂરિત હોય. ઝવેરચંદ મેઘાણીએ ખુદ કરેલ વિભાજન મુજબ ઝંખના, મોતના કંકુ ઘોળણ, બીક કોની મા તને ?, સ્વતંત્રતાની મીઠાશ, તરુણોનું મનોરાજ્ય, વીર જતિન્દ્રના વધામણા અને શિવાજીનું હાલરડું. સ્વતંત્ર ગીતો હતા. બાકીનાં આઠ ગીતો પરતંત્ર ગીતો હતા. એટલે કે જે, અન્ય કોઈ ભાષાનાં ગીતો પરથી પ્રેરણા મેળવીને લખાયા હોય.[૩] આ પંદરેય ગીતોમાં દેશદાઝ ઠાંસી ઠાંસીને ભરી હતી. આ ગીતોનાં ગાન માત્રથી યુવાનોની નસોમાં સ્વાતંત્રય પ્રાપ્તિની જ્વાળાઓ ભભૂકી ઉઠતી. આ સ્વાતંત્ર્ય ગીતોની લોકચાહના સિંધુડાનાં પ્રકાશન પૂર્વે પણ પ્રજામાં પ્રસરેલી હતી.

- **સ્વાતંત્ર્ય સંગ્રામમાં 'સિંધુડા'ની ભૂમિકા**

રાષ્ટ્રીય 'શાયર' ઝવેરચંદ મેઘાણીની કલમે લખાયેલ સ્વાતંત્ર્ય ગીતોની આઠ આના અને ત્રીસ પાનાંની નાનકડી પુસ્તિકા 'સંધુડો' એ સ્વાતંત્ર્ય સૈનિકોનો પ્રેરણાસ્રોત બની ગયો. આ ગીતો કંકુ ઘોળજોજી કે કેસર રોળજો' તે શૂરવીરોને સાબદા કરવાનું તેમનું પ્રથમ ગીત હતું. પછી તો તેમનાં કંઠમાંથી વહેતી રહેલી ગીતધારાએ શૌર્ય, રાષ્ટ્રભાવના તથા દેશ માટે ફના થઈ જવાની અદમ્ય તીવ્રતા જગાડી.

**જાગો ક્ષુધાર્ત, જાગો દુર્બલ અશ્કત,**

**ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે.**

મેઘાણીએ આવી હાકલ સાથે યુગોથી પીડિત, શોષિત, દલિત, અજ્ઞાન જનતાને જગાડી તેમનામાં મુક્તિ સંગ્રામની જ્વાળા પ્રગટાવી. સવિનય કાનૂનભંગની લડત દરમિયાન સૌરાષ્ટ્રના ધોલેરા, રાણપુર,

વીરમગામ, બરવાળા અને ધંધૂકામાં પણ સત્યાગ્રહ છાવણીઓમાં ગામના ચોરે સ્વાતંત્ર્ય ગીતો ઝીલાતા હતા.

**બીક કોની ? બીક કોની ? બીક કોની મા તને ?**

**વીસ કોટી બાળકોની, ઓ કરાલી મા તને.**

લલકારતા હસતા મોં એ મા-ભોમની આઝાદી સારું સ્વતંત્રતાની યજ્ઞવેદી પર ચડવા તૈયાર થઈ ગયા. શ્રી મહેબૂબ દેસાઈ નોંધે છે કે, શરણાઈનો સૂર જેમ તીવ્રપણે યુદ્ધ સૂચક અને શૌર્યપ્રેરક હોય છે તેમ મેઘાણીના આ સ્વાતંત્ર્ય સંગ્રામના ગીતો ગાતા જે સંવેદના ઉત્પન્ન થતી હતી તે, બહુધા યુદ્ધઘોષો અને શૌર્યના ઉદ્‌બોધનની સૂચક હતી.[૪] સત્યાગ્રહની લડતમાં સિંધુડો ગજબ લોકપ્રિય બન્યો હતો અને યુવાનોમાં તેણે રાષ્ટ્રભક્તિ, દેશદાઝ જગાવ્યા તો અનોખું જોમ, ઉત્સાહનું વાતાવરણ ઊભું થયું. તેણે યુવાનોમાં વીરતા પેદા કરી. ગમે તેવા કપરા સંજાગોમાં હિંમત ન હારવાની એક પ્રકારની અદ્‌ભૂત શક્તિ પેદા કરી આથી સરકારને સિંધુડો ખૂંચવા લાગ્યો.

- **સિંધુડા પર પ્રતિબંધ અને પુનઃપ્રકાશન**

૧૯૩૦ની સવિનય કાનૂનભંગની લડત ગાંધીજીએ વેગવાન બનાવી હતી. તો બીજી બાજુ સૌરાષ્ટ્રમાં ધોલેરા સત્યાગ્રહમાં મેઘાણીની કલમે આલેખાયેલ ‘સિંધુડો’ સ્વાતંત્ર્ય સૈનિકોનો પ્રેરણાસ્રોત બન્યો હતો. સમગ્ર સૌરાષ્ટ્રમાં તેની નકલો વહેંચાઈ ગઈ હતી. તમામ સત્યાગ્રહ છાવણીમાં ‘સિંધુડો’ પહોંચી ગયો હતો. અને સ્વાતંત્ર્ય સૈનિકોના મોઢે સંગ્રામગીતો ગૂંજતા હતા. સિંધુડો એવો તો લોકપ્રિય બન્યો હતો કે હિંમત ન હારવાની અજબ શક્તિ અર્પી હતી. તેની અસરથી ઘણા સત્યાગ્રહીઓ સ્વાતંત્ર્ય લડત ચલાવવા આતૂર બન્યા હતા. આથી અંગ્રેજ સરકારની આંખમાં સિંધુડો કણાની જેમ ખૂંચવા લાગ્યો. અને એક સવારે શૌર્ય અને વીરતા પ્રેરક સંગ્રામગીતોનાં સંગ્રહ સિંધુડાને સરકારે જપ્ત કરી તેના પર પ્રતિબંધ મૂકયો. જપ્તી પછી પણ સિંધુડાના ગીતો રણમેદાનમાં સૈનિકો હોંશથી ગાતા. આથી ૧૯૩૨માં ગાંધીજી ગોળમેજી પરિષદમાંથી ખાલી હાથે પાછા ફર્યા અને લડત પછી આરંભાઈ ત્યારે પ્રતિબંધિત ‘સિંધુડો’ પુનઃપ્રકાશિત કરવાની યોજના ઘડાઈ. આથી જયમલ્લ પરમાર નોંધે છે કે “ઈશ્વરભાઈ દવે, ભીખુભાઈ ધ્રુવ, રતુભાઈ અદાણી અને રતુભાઈ કોઠારી સત્યાગ્રહ પત્રિકાનું છુપું પ્રકાશન કરતા અને તે માટે અવારનવાર સ્થળ બદલાવતા રહેતા.”[૫]

ભાવનગરના દાઉદભાઈ નામના એક ઓઈલમીલ સંચાલકનું મકાન ‘સત્યાગ્રહ પત્રિકા’ના પ્રકાશન માટે મેળવી, ત્યાં સિંધુડાની જપ્ત થયેલી આવૃત્તિના કદમાં, તે જ રંગરૂપમાં, હાથે લખીને રોનિયો મશીન

ઉપર સિંધુડોની આવૃત્તિ તૈયાર કરવાની યોજના થઈ. રતુભાઈ અદાણીએ પોતાના ચોખ્ખા અને મરોડદાર અક્ષરમાં મૂળ આવૃત્તિની આબેહૂબ પ્રતિકૃતિ જેવી 'સિંધુડો'ની નવી આવૃત્તિ લખી અને ધોલેરા સત્યાગ્રહ સમિતિ રાણપુર તરફથી છઠ્ઠી એપ્રિલ ૧૯૩૨નાં રોજ પુનઃપ્રકાશિત થઈ. 'સિંધુડો'ની કાનૂનભંગ આવૃત્તિમાં લખ્યું હતું. 'સ્વાર્પણ' અને તેના મુખપૃષ્ઠ પર લખ્યું હતું. 'તૂટી પડતા સામ્રાજ્યને પોતાના જાસલ થાંભલાથી ટકાવવા મથતા ધંધુકા તાલુકાના અમલદાર વર્ગને સપ્રેમ સમર્પણ'.

છઠ્ઠી એપ્રિલના રોજ સિંધુડાએ ફરી દેખા દીધી અને ફરીથી માનવમેદની વચ્ચે 'કંકુ ઘોળજો રે' ના સાદોએ ગગન ગજવ્યું સરકારનાં કાયદાને તોડીને આઝાદી મેળવવી એ જ તેનું ધ્યેય હતું. અને આ 'સિંધુડો'ની પ્રસિદ્ધ એવા જ કાનૂનભંગને આભારી છે.

- **તારતમ્ય**

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનાં 'સિંધુડો' ની આ ગાથા સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઇતિહાસમાં બહુ ઓછી ચર્ચાઈ છે. ૧૯૩૦ની છઠ્ઠી એપ્રિલે સિંધુડાનો જન્મ થયો હતો. તેના બે વર્ષે, રણક્ષેત્રે રાજદ્રોહનો અવતાર લઈ સિંધુડો પુનર્જન્મ પામે છે. તેણે સત્યાગ્રહમાં તરખાટ મચાવ્યો હતો. બીક કોની મા તને ? અને ગાઓ બળવાના ગીતો એ સ્વાતંત્ર્ય સંગ્રામના સૈનિકોમાં શૌર્યની ભરતી આણી હતી.[૬] માત્ર પંદર ગીતો અને ૩૦ પાનાની નાની પુસ્તિકાએ ભયાવહ બ્રિટીશ સામ્રાજ્યની ઊંઘ ઉડાડી દીધી હતી. મેઘાણીની કલમેથી નીતરતી દેશદાઝે સત્યાગ્રહમાં ઈતિહાસ સર્જી દીધો હતો.

## સંદર્ભગ્રંથો :


૧. દેસાઈ,મહેબૂબ, *આઝાદીના આશક મેઘાણી*, પ્રથમ આવૃત્તિ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, ૧૯૯૭

૨. દેસાઈ,મહેબૂબ, *ઇતિહાસ વિચાર અને સંવેદના*, પ્રથમ આવૃત્તિ, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૧

૩. જાની,કનુભાઈ, *મેઘાણી ચરિત*, પ્રથમ આવૃત્તિ, ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, ૨૦૦૨

૪. રાણા,હરપાલ, *ગુજરાતનું પત્રકારત્વ અને સૌરાષ્ટ્ર*, પ્રથમ આવૃત્તિ, આદર્શ પ્રકાશન, ૨૦૧૨

૫. પરમાર,જયમલ્લ (સં.રાજુલ દવે) *પત્રકાર સેનાપતિ અમૃતલાલ શેઠ*, પ્રથમ આવૃત્તિ, પ્રવીણ પ્રકાશન, પ્રા.લિ.૨૦૦૭

Certificate No.:020412202403


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH

## (MUCOJOR)-2583-9829 (On-line)

International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**કંચનબેન મનુભાઈ મકવાણા**

In recognition of the publication of the paper entitled

**સ્વાતંત્ર્ય લડતમાં પ્રેરણા સ્રોત : મેઘાણીનો “સિંધુડો”**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**

Certificate No.:020412202403


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ.કનૈયાલાલ નાયક**

In recognition of the publication of the paper entitled

**સ્વાતંત્ર્ય લડતમાં પ્રેરણા સ્રોત : મેઘાણીનો “સિંધુડો”**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**

Certificate No.:020412202403


# MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
## (MUCOJOR)-2583-9829 (On-line)
### International Peer Reviewed and Refereed Journal


# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**ડૉ.મુંજાલ ભીમડાદકર**

In recognition of the publication of the paper entitled

**સ્વાતંત્ર્ય લડતમાં પ્રેરણા સ્રોત : મેઘાણીનો “સિંધુડો”**

Published in Volume 02, Issue 04, December 2024.

**EDITOR IN CHIEF**